# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ


સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**



**CIN:U40102GJ2003SGC042908**


પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૯/ફ્વા-૦૧/૨૦૨૦-૨૧/૪૮ તા.૨૧/૦૯/૨૦

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૧૯/ફ્વા-૦૧/૨૦૨૦-૨૧**

અરજદાર: શ્રી અમરાભાઈ લક્ષ્મણભાઈ સોલંકી ગામ – આછીદ્રા

સબડીવીઝન: ચોરવાડ

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી માંગરોળ

**:: કોરમ ::**

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રીમતી નીતીનાબેન એચ. જોશી |
| ૩) મેમ્બર ટેકનીકલ | : | શ્રી કે.વી.ભટ્ટ |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી,જુનાગઢ

તારીખ: શનિવાર (૦૫.૦૯.૨૦૨૦)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૦૫.૦૯.૨૦ (શનિવાર)નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

**:: અરજદારની રજૂઆત ::**

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, તેઓ જૂનાગઢ જિલ્લાના માળીયા હાટીના તાલુકાના આછીદ્રા ગામના રહેવાસી છે. તેઓનું ખેતીવાડી વીજ જોડાણ સોલંકી અમરાભાઇ લક્ષ્મણભાઈ ના નામનું આવેલું છે તેઓને પીજીવીસીએલ દ્વારા પ્રાઇવેટ ટીસી આપવા માટે સ્પ્ટેશન ઉભુ કરવાનુ નક્કી કરાયેલ છે કે જે સ્પ્ટેશન ઉભું થવાથી તેની બાજુવાળાની નાળિયેરીના કારણે થતાં વીજ વિક્ષેપ

નિવારી શકાય. પરંતુ છેલ્લા બે-ત્રણ વર્ષથી ટ્રાન્સફોર્મર ઉભુ કરાયું નથી -અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદારશ્રી ની મૌખીક તેમજ લેખીત રજૂઆત મુજબ શ્રી અમરાભાઈ લક્ષ્મણભાઈ સોલંકી ના નામે સીજીઆરએફ માં અરજી કરેલ છે. અરજદારશ્રી ના ખેતીવાડી વીજ જોડાણમાં છેલ્લા અઢી વર્ષ થી પીજીવીસીએલ કંપની દ્વારા ટ્રાન્સફોર્મર તૈયાર કરાયેલું છે છતાં તાર ખાસ કારણોસર બંધાયેલ નથી તે અંગેની રજૂઆત કરવામાં આવેલી છે.

૩.૧ વર્ષ-૨૦૧૭-૧૮ દરમ્યાન એચવીડીએસ યોજનાં અંતર્ગત હળવા દબાણ માથી ઉચ્ચ દબાણની લાઈનમાં રૂપાંતર કરવાની કામગીરીમાં સ્થાનિક કક્ષાએ ખેડૂતો દ્વારા (૧૧ કેવી આછિદ્રા ફિડર તાબાના સરપંચશ્રી વાળા ખેતીવાડી ગ્રૂપમાં)વાંધા સબબ લાઈન કામગીરી અટકેલ હતી.આથી જે તે સમયે સ્થળ પર રૂબરૂ મુલાકાત વાંધો પતાવી લાઈન કામ પૂર્ણ કરાવવા અર્થે લેવામાં આવેલ હતી તેમજ લાઈન કામ ના કોંટ્રાક્ટર ને પણ સ્થળ પર લાઈન કામ અર્થે મોકલવામાં આવેલ હતા. પરંતુ લાઈન કામગીરી થયેલ નહીં.

૩.૨ અરજદારશ્રી દ્વારા તા.૧૬.૦૫.૨૦૨૦ ના રોજ લેખિત અરજી આ બાબતે આપેલ હતી જેના અનુસંધાને ફરી સદરહુ સ્થળ ની મુલાકાત લઈ વાંધો કર્તાશ્રી ને રૂબરૂ મળી સમજાવટ કરેલ પરંતુ લાઈન કામગીરી શક્ય બનેલ નહીં.જે બાબતે ચોરવાડ પેટા વિભાગીય કચેરી દ્વારા પત્ર નં.સીએચડી/ટેક/૨૪૬૭ તા.૧૮.૦૬.૨૦૨૦ થી પ્રત્યુતર પાઠવેલ છે.અને જાણ પણ કરવામાં આવેલ કે આપના અંદરો-અંદર ના વાંધા દૂર કરી સર્વ સહમતી સાધી કચેરીએ જાણ કરવી જેથી કરી લાઇનની અટકેલી કામગીરી પૂર્ણ કરી આપની ફરિયાદનું નિરાકરણ લાવી શકાય.

૩.૪ આમ,હાલ આ લાઈન કામગીરી સ્થાનિક કક્ષાએ ગ્રાહકોના એક બીજાના સહકારના અભાવે અટકેલ છે.સદરહુ સ્થળ પર વાંધો દુરસ્ત કરવા અર્થે ચોરવાડ પેટા વિભાગીય કચેરી તથા અત્રેની કચેરીએ થી પણ પૂરતા પ્રયત્ન કરવા છતાં કોઈજ વાંધાનું નિરાકરણ થયેલ નથી પરંતુ વાંધો દુરસ્ત થયે લાઈન કામગીરી પૂર્ણ કરી શકાય તેમ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબત માં ચોરવાડ પેટા વિભાગીય કચેરી દ્વારા સ્થળ પર સંપૂર્ણ કામ પૂરું થઈ ગયેલ છે.જેનું રીપોર્ટિંગ માં કામગીરી થઈ ગયેલ છે.તેવું બતાવે છે જે ખરેખર સ્થળ ઉપર સંપૂર્ણ પણે કામ પુરું થયેલ નથી.

૪.૨ સદર બાબતે તે સમયના અધિકારીશ્રી દ્વારા ખોટું રીપોર્ટિંગ તેમજ વર્ક કંપલિશન સર્ટિફિકેટ આપવામાં આવેલ છે.આવા ખોટા રીપોર્ટિંગ દ્વારા પીજીવીસીએલ કંપની ની આબરૂ સારી હોવાની

છાપ ખરડાઈ છે.જેથી તે સમયના અધિકારીશ્રી સામે કંપનીના નિયમાનુસાર કાયદેસર ની કાર્યવાહી કરવી જેથી ભવિષ્ય માં આવા પ્રશ્નો પીજીવીસીએલ કંપની માં ઊભા થાય નહીં અને કંપનીની આબરૂ ને આર્થિક નુકશાન થાય નહીં તેથી તાત્કાલિક કાયદેસર ની કાર્યવાહી કરીને તેની જાણ ફોરમ ને કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

૪.3 અરજદારશ્રી ની રજૂઆત મુજબ તેઓને મોટી લાઈન માથી તાંત્રિક કામગીરી કરી વહેલીતકે કનેક્શન મળે તેવું કરવા અત્રેની ફોરમ માથી હુકમ કરવા માં આવે છે. અને સદર કામગીરી દરમ્યાન કોઈ અન્ય ઈસમો દ્વારા અડચણ ઊભી કરવામાં આવે તો કંપની ના નિયમ મુજબ પોલીસ સલામતી રાખી ને કામગીરી 30 દિવસ માં પૂર્ણ કરવી અને આ કામગીરી પૂર્ણ થતાં અત્રે ની ફોરમ ને જાણ કરવી.

૪.૪ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| શ્રીમતી નીતીનાબેન એચ. જોશી | શ્રી કે.વી.ભટ્ટ | શ્રી બી.પી.બુચ |
|---|---|---|
| સ્વતંત્ર સભ્ય | મેમ્બર (ટેકનીકલ) | ચેરપર્સન |

**નોંધ:-**

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-30 માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, બ્લોક નં. 3, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯